# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-03-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હીના મોદી** વાંચે છે.

---

1) વિધાનસભામાં આજે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તેમ જ મહિલા અને બાળ વિકાસ વિભાગની અંદાજપત્રીય માગણીઓ પસાર.

2) રાજ્યની ખાનગી શાળાઓમાં FRCની માર્ગદર્શિકા મુજબ જ ફી લેવાય છે તેમ શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે સ્પષ્ટતા કરી.

3) ગીર સોમનાથના કોડીનારના ખનીજચોરો સામે કડક કાર્યવાહી - 75 કરોડ 23 લાખ રૂપિયાનો દંડ કરાયો.

4) ઐતિહાસિક દાંડી યાત્રાને આજે 95 વર્ષ પૂર્ણ થયા.

5) કચ્છ, સુરેન્દ્રનગર અને પોરબંદરમાં આગામી 24 કલાક ગરમીનું રેડ અલર્ટ .

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SAMAJIK NYAY ADHIKARITA VIBHAG MANGANI MANJUR

ગુજરાત વિધાનસભામાં આજે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વર્ષ 2025-26ની 14 હજાર 102 કરોડ રૂપિયાથી વધુની અને મહિલા અને બાળવિકાસ વિભાગની સાત હજાર 668 કરોડ રૂપિયાથી વધુની અંદાજપત્રીય માગણીઓ પસાર કરવામાં આવી.

આ માગણીઓ અંગે સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી ભીખુસિંહ પરમારે ગૃહમાં જણાવ્યું , આ વખતના અંદાજપત્રમાં અનુસૂચિત જાતિ , વિકસતી જાતિ અને સમાજ સુરક્ષા તથા અનુસૂચિત જાતિ પેટા-યોજના સહિત વિવિધ યોજનાઓ માટે કુલ 14 હજાર 102 કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ છે , જે ગત વર્ષની સરખામણીએ બે હજાર 577 કરોડ રૂપિયા જેટલી વધુ છે.

બીજી તરફ માગણીઓની ચર્ચામાં મહિલા અને બાળવિકાસ મંત્રી ભાનુબેન બાબરીયા વતી રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ જવાબ આપતા જણાવ્યું કે , મહિલાઓને પૂર્ણ સન્માન અને દરેક ક્ષેત્રે સમાન તક મળે એ રાજ્ય સરકારની નેમ છે. શ્રી પાનશેરિયાએ મહિલા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રીના યોજાયેલા કાર્યક્રમનો પણ ઉલ્લેખ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# FRC GUIDELINES

રાજ્યની ખાનગી શાળાઓમાં ફી નિયમન સમિતિ- F.R.Cની માર્ગદર્શિકા મુજબ ફી નિર્ધારિત કરવામાં આવી છે અને તે મુજબ ફી લેવામાં આવે છે. ગુજરાત વિધાનસભામાં એક પ્રશ્નનો જવાબ આપતા શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે આ અંગે માહિતી આપતા જણાવ્યું, સ્વનિર્ભર શાળાઓ ફી નક્કી કરે છે ત્યારે તેને સૌપ્રથમ F.R.C. સમક્ષ રજૂ કરાય છે , જ્યાં યોગ્ય ચકાસણી બાદ તેને ફેરફાર સાથે મંજૂર અથવા નામંજૂર કરાય છે.

આ ઉપરાંત રાજ્યના ચાર ઝૉન એટલે કે , અમદાવાદમાં આઠ, વડોદરામાં સાત, રાજકોટમાં 11 અને સુરતમાં સાત જિલ્લાને સમાવતી F.R.C.ની રચના કરવામાં આવી હોવાનું પણ શ્રી ડિંડોરે ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . .

# AMDAVAD CP

અમદાવાદમાં કાયદા અને વ્યવસ્થાનું સુચારું પાલન કરવા શહેર પોલીસ દ્વારા વિવિધ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સુરક્ષા વધારવા માટે પોલીસના સહયોગથી ખાનગી દુકાન અને સોસાયટીઓમાં 14 હજારથી વધુ સીસીટીવી કૅમેરા લગાડવામાં આવ્યા છે, જેનાથી ગુનાખોરી પર નજર રાખવામાં મદદ મળે છે તેમ શહેર પોલીસ કમિશનર જી. એસ. મલિકે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

(બાઈટઃ જી. એસ. મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર)

. . . . . . . . . . . . .

# 108 DHULETI

હોળી અને ધુળેટીના તહેવાર નિમિત્તે 108 એમ્બ્યુલન્સ સેવાએ અરવલ્લી , દાહોદ, મહીસાગર, પંચમહાલ, પોરબંદર, સાબરકાંઠા અને વલસાડ એમ સાત જિલ્લા માટે વિશેષ આયોજન કર્યું છે. અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધતાં 108 ઇમરજન્સીના ચીફ ઑપરેટિંગ ઑફિસર જસવંત પ્રજાપતિએ જણાવ્યું કે, આ જિલ્લાઓમાં ઈમરજન્સી કેસ વધારે નોંધાવાની શક્યતા છે, જેથી 838 રોડ એમ્બ્યુલન્સ, બે બોટ એમ્બ્યુલન્સ અને એક 108 ઇમરજન્સીની એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી છે.

**(બાઈટઃ જસવંત પ્રજાપતિ, ચીફ ઑપરેટિંગ ઑફિસર, 108)**

. . . . . . . . . . . . .

# AMDAVAD DHULETI

અમદાવાદમાં આ શુક્રવારે ધુળેટી નિમિત્તે સવારે સાંજે સાડા પાંચ વાગ્યાથી છ વાગ્યા સુધી ઉપલબ્ધ પાણીના જથ્થાની મર્યાદામાં પાણીનો વિશેષ પૂરવઠો શહેરના તમામ પાણી વિતરણ કેન્દ્ર પરથી અપાશે. સવારના રાબેતા મુજબના પાણી પૂરવઠા સિવાય આ પાણી પૂરું પડાશે તેમ અમદાવાદ મહાનગરપાલિકાની સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# MADHYAHAN BHOJAN YOJNA

રાજ્યમાં ગત બે વર્ષમાં મધ્યાહ્ન ભોજન યોજના માટે બે હજાર 219 કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો છે. ગુજરાત વિધાનસભામાં આ અંગે વિગત આપતા શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે કહ્યું , "એક ફેબ્રુઆરી 2023થી 31 જાન્યુઆરી 2024 સુધીમાં ઘઉં, ચોખા ઉપરાંત બાળવાટિકાથી ધોરણ પાંચના બાળક માટે પ્રતિ માસ 156.78 અને ધોરણ છ-થી આઠના બાળકો માટે પ્રતિમાસ 220.22 રૂપિયાનો ખર્ચ કરાયો છે.

શ્રી ડિંડોરે કહ્યું , મધ્યાહ્ન ભોજન માટેની સામગ્રી ખર્ચમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો અનુક્રમે 60 અને 40 ટકાનો હોય છે. આ ખર્ચમાં શિક્ષણ વિભાગ દ્વારા 13 ફેબ્રુઆરી 2025ના ઠરાવથી સામગ્રી ખર્ચમાં વધારો જાહેર કરાયો છે. તે મુજબ, નવા દર અનુસાર બાળવાટિકાથી ધોરણ પાંચ સુધીના પ્રતિવિદ્યાર્થી 6.19 રૂપિયા અને ધોરણ છ-થી આઠના પ્રતિ વિદ્યાર્થી 9.29 દૈનિક સામગ્રી ખર્ચ રહેશે. મધ્યાહ્ન ભોજનમાં લીલા શાકભાજીનો ઉપયોગ શરૂ કરાયો , કપાસિયા તેલના સ્થાને સિંગતેલનો ઉપયોગ કરવાનું પણ આયોજન હોવાનું શ્રી ડિંડોરે ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . .

# AMBAJI HOLI

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં આવતીકાલે સાંજે સાત વાગ્યે હોળી પ્રગટાવાશે. જ્યારે મંદિરમાં સાંજે સાડા છ વાગ્યે થતી આરતી પણ હોળી પ્રગટાવ્યા બાદ જ કરાશે. આ ઉપરાંત મંદિરમાં પૂનમની આરતી શુક્રવારે સવારે છ વાગ્યે થશે. આ વખતે આવતીકાલે અને શુક્રવારે એમ બે દિવસ પૂનમ હોવાથી ભક્તોને બે પૂનમની આરતીનો લ્હાવો મળશે. અંબાજી મંદિરે પૂનમ ભરવા આવનારા ભક્તો માટે પૂનમ શુક્રવારે ગણાશે તેમ અંબાજી મંદિરના ભટ્ટજી ભરત પાધ્યાએ જણાવ્યું હતું.

(બાઈટઃ ભરત પાધ્યા, ભટ્ટજી, અંબાજી મંદિર)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# KODINAR KHANIJ CHOR

ગીરસોમનાથ જિલ્લાના કોડીનારના ખનીજચોરો સામે કડક કાર્યવાહી કરી તેમને 75 કરોડ 23 લાખ રૂપિયાનો દંડ કરાયો છે. ગીરસોમનાથના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે, મહેસૂલ વિભાગ અને ખાણ ખનીજ કચેરીની સંયુક્ત ટુકડીએ 14 લાખ 93 હજાર 126 મેટ્રિક ટન લાઈમસ્ટોનની ખનીજચોરી બદલ આ દંડ કર્યો છે.

કોડિનાર તાલુકામાંથી ત્રણ લાખ 7 હજાર 533 મેટ્રિક ટન , પાંચ લાખ 40 હજાર 562 મેટ્રિક ટન અને ત્રણ લાખ 12 હજાર 924 મેટ્રિક ટન , ત્રણ લાખ 32 હજાર 107 મેટ્રિક ટન ગેરકાયદેસર ખનીજચોરી પકડવામાં આવી છે. આ તમામની દંડની રકમ વસૂલવા અંગે તંત્ર દ્વારા કાયદાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# DANDI YATRA

આજે 12મી માર્ચે ઐતિહાસિક દાંડી યાત્રાના 95 વર્ષ પૂર્ણ થયા છે. આજના દિવસે અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડી સુધી મહાત્મા ગાંધીની આગેવાની હેઠળની ઐતિહાસિક મીઠાની કૂચની શરૂ થઈ હતી.

(વોઇસ કાસ્ટ: હેમાંગિની સોનારા)

(મીઠા પર અંગ્રેજોએ લાદેલા કરના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ 12 માર્ચ 1930ના રોજ અમદાવાદના સાબરમતી આશ્રમથી નવસારી જિલ્લાના દાંડી સુધી પદયાત્રા કરી હતી. જેમાં 78 જેટલા સત્યાગ્રહી જોડાયા હતા.જેમાં વધુ બે લોકો જોડાતા સત્યાગ્રહીઓની સંખ્યા 80 થઈ હતી. અંદાજે 385 કિલોમીટરની પદયાત્રા બાદ 6 એપ્રિલ 1930ના રોજ ગાંધીજીએ દાંડી ખાતે મીઠું ઉપાડીને અંગ્રેજ સરકાર સામે સવિનય કાયદાનો ભંગ કરી સત્યાગ્રહ કરવા હાકલ કરી હતી.

આ ઐતિહાસિક કૂચને યાદગાર બનાવવા અને યુવા પેઢીને પ્રેરણા આપવા માટે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 30 જાન્યુઆરી 2019ના રોજ દાંડી ખાતે રાષ્ટ્રીય મીઠા સત્યાગ્રહ સ્મારકનું ઉદ્ઘાટન કર્યું. શ્રી મોદીએ જણાવાયું હતું કે આ સ્મારક આપણને સ્વતંત્રતા પ્રાપ્ત કરવામાં આપણા પૂર્વજોના અમૂલ્ય યોગદાનની યાદ અપાવશે.)

**(બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)**

હેમાંગિની સોનારા, આકાશવાણી સમાચાર, અમદાવાદ

આ ઐતિહાસિક કૂચની ઉજવણી માટે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આજે અમદાવાદથી દાંડી સુધી રેલીનું આયોજન કરાયું હતું.

. . . . . . . . .

# WEATHER

રાજ્યના કચ્છ, સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લામાં આગામી 24 કલાક માટે અતિશય ગરમીનું મોજું ફરી વળવાની એટલે કે , રેડ અલર્ટ જાહેર કરાયું છે. જ્યારે અમદાવાદ, ગાંધીનગર , બનાસકાંઠા, સાબરકાંઠા, આણંદ, મોરબી, રાજકોટ , બોટાદ, ભાવનગર, અમરેલી અને જુનાગઢમાં ઑરેન્જ અલર્ટ તેમ જ વડોદરામાં યલો અલર્ટ અપાયું છે.

બીજી તરફ આજે 15 જિલ્લામાં હીટવૅવની આગાહી હોવાનું હવામાન વિભાગના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)**

. . . . . . . . . . . . .

# BHAVNAGAR TRAIN CANCEL

_

ઉત્તર પશ્ચિમ રેલવેમાં પેચ ડબલીંગના કાર્ય માટે લેવાયેલા **બ્લોકને કારણે ભાવનગર-હરિદ્વાર ટ્રેનનાં 6 ફેરા રદ કરાયાં છે.**

ઉત્તર પશ્ચિમ રેલવેના બીકાનેર મંડળના મોલીસર અને ચૂરૂ મથક વચ્ચે પેચ ડબલિંગ કાર્ય માટે બ્લોક લેવાયો છે. તેના કારણે ભાવનગર વિભાગના ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી ચાલતી ભાવનગર-હરિદ્વાર એક્સપ્રેસ ટ્રેન મે મહિનામાં રદ રહેશે. તે અંતર્ગત ભાવનગર-હરિદ્વાર એક્સપ્રેસ 8 , 12, 15, 19, 22 અને 26 મેએ રદ રહેશે. જ્યારે હરિદ્વાર-ભાવનગર એક્સપ્રેસ 10 , 14, 17, 21, 24 અને 28 મેએ રદ રહેશે.

. . . . . . . . . . . . .